GJSK060002622020

# રે.દિ.મુ.નં.૦૭/૨૦૨૦

---

## વાદીની કામચલાઉ મનાઈ હુકમ માટેની આંક–પ ની અરજી લગત હુકમ

---

(૧) વાદીએ હાલની અરજી સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર–૩૯, રૂલ–૧, ર તથા કલમ–૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન સુધીનો કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) વાદીની હાલની આંક–પ ની અરજી વંચાણે લીધી. તેમાં તેઓએ સદર અરજી કરી દાદ માંગેલ છે કે, મોજે–કણાદર, તા.વિજયનગર, જી.સા.કાં. સીમના સર્વે નં.૬૨૪ પૈકી ૩ જેનો રિસર્વે નં. ૭૪૦ પડેલ છે. જે જમીન નું ક્ષેત્રફળ ૫–૦૭–૮૮ હે.આરે.ચો.મી. વાળી જમીન સને ૧૯૬૧–૬૨ થી સતત અમો વાદીઓના કબજા ભોગવટામાં રહેલ છે જે દાવા અરજીના પેરા નં.ર માં જણાવેલ હદ ખુંટવાળી જમીન અમારા શાંત અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં રહેલ હોય તેથી આ કામના પ્રતિવાદીઓને. સદરહું દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ કે તેમના માણસો ,મળતીયા કે એજન્ટો કે એસાઈનીયો અમારા પાકને નુકશાન કરે કરાવે ની કે અમોને ખેતી કરતા,અંતરાય રુકાવટ કરે કરાવે નહી કે અમારી સદરહું દાવાવાળી જમીન ખોટી રીતે પડાવી ન લે તેવો દાવો ચાલતા સમય દરમ્યાન સુધીનો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલી છે.

(૩) વાદીની હાલની અરજી અન્વયે આ કામના પ્રતિવાદીઓને નોટીસ કરતાં પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૧૩ થી દાવા અરજી તથા હાલની મનાઈ અરજી વિરુધ્ધ જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની દાવા અરજીની તથા મનાઈ અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અને જણાવે છે કે વાદીએ ખોટી હકીકતો દર્શાવી દાવો કરેલ છે વાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ન હોવા છતાં હાલનો દાવો કરેલો છે. જેથી મુળ કબજેદાર શ્રી સરકાર હોય દાવો રદ થવા પાત્ર છે .સરકારને પક્ષકાર તરીકે બનાવેલ નથી તેથી પક્ષકારનો બાધ નડે છે તેમજ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે વધુમાં ટાઈટલ કિલયર ના હોય વાદીઓને દાવો કરવાનો હકક અધિકાર નથી. સદર સર્વે નં. ૭૪૦ માં અગાઉ દાવો રે.દિ.મું.નં. ૫/૧ ૮ થી કરેલ છે. અને તેમાં મનાઈ હુકમ આપેલો હોય એસ્ટોપલના સિધ્ધાંતનો બાધ નડે છે તેમજ ૭૦ વર્ષથી જમીન રેગ્યલરાઈઝ કરવા જમીન સંપાદન સમક્ષ અરજી કરેલ નથી પરંતું અમારી કબજાની જમીન પડાવી લેવા ખોટી હકીકતો દર્શાવી દાવો કરેલો છે. સદરહું જમીન સરકારશ્રીના ધારાધોરણ મુજબ કબજા હકકની રકમ ભરપાઈ ન કરેલ હોવાના કારણે રેવન્યુ રેકર્ડે અમારું નામ દાખલ થયેલ નથી. વિગેરે હકીકતો તેઓએ ખોટી જણાવેલી છે. જેથી વાદીઓનો હાલનો દાવો ખર્ચ સહીત રદ કરવા અમો પ્રતિવાદીઓની વિરુધ્ધ જે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) વાદી તરફે આ કામે આંક–૩ ના પુરાવા લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૨૫ સુધી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. તે સિવાય અન્ય કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી.

(૫) પ્રતિવાદીઓ તરફે આ કામે આંક–૧૫ ના પુરાવા લીસ્ટથી નિ.૧૫/૧ થી નિ.૧૫/૧૧ સુધી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. તે સિવાય અન્ય કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી.

(૬) આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ પક્ષ નિવેદનો તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં હાલની અરજીના ન્યાય નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકસાન થવાની શકયતાઓ રહેલી છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

**મુદ્દા નંબર-૧ થી ૩ :-**

(૮.૧) આ કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલ હોઈ, ઉપરોકત મુદ્દાઓના પુનરાર્વન ટાળવા સારુ તેના નિર્ણય માટેના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. આ કામે વાદીની રજુઆત એવી છે કે, મોજે-કણાદર, તા.વિજયનગર, જી.સા.કાં. સીમના સર્વે નં.૬૨૪ પૈકી ૩ જેનો રિસર્વે નં. ૭૪૦ પડેલ છે. જે જમીનનું ક્ષેત્રફળ ૫-૦૭- ૮૮ હે.આરે.ચો.મી. વાળી જમીન સને ૧૯૬૧-૬૨ થી સતત અમો વાદીઓના કબજા ભોગવટામાં

રહેલ છે. વધુમાં વાદી તરફે એવું જણાવે છે કે વાદીના મર્હુમ દાદા નાના સામેરા તાલુકો ભિલોડાના વતની હતા અને મેશ્વો ડેમની કામગીરી ચાલુ કરેલ અને તે સમય આજુબાજુના ઘણા ગામડાઓને પુન:વસવાટ કરાવેલ અને તે વખતે કણાદર (સરદાર નગર) સીમના સર્વે નં. ફાળવવામાં આવેલા જેમાં સીમ સર્વે નં. ૬૨૪ પૈકી ૩ વાળો હિસ્સો વાદીને ફાળવવામાં આવેલો જેનો રિસર્વે નં. ૭૪૦ પડેલ છે. પરંતુ તે સમયે કબજા હકકની રકમ ભર્યેથી રેવન્યું રેકર્ડે નોધ પડતી હતી પરંતુ સદરહું જમીન સરકારશ્રીના ધારાધોરણ મુજબ કબજા હકકની રકમ ભરપાઈ કરેલ ન હોવાના કારણે રેવન્યુ રેકર્ડે અમારું નામ દાખલ થયેલ નથી. જેમાં ચાલું સિઝનમાં ચોમાસું મકાઈ,અળદ,મગફળી ,સોયાબીન,એરડા વગેરેનું વાવેતર કરેલું છે. અને સદરહું જમીન રેગ્યુલરરાઈઝ કરવા જમીન સંપાદન સમક્ષ તે અંગેની અરજી આપી સરકારશ્રીના ધારા ધોરણ મુજબ થતી કબજા હકકની રકમ ભરપાઈ કરી અમારા નામે કરવાની કાર્યવાહી કરનાર છીએ સદરહું જમીનમાં જે તે સમયે કુવો ખોદેલ અને ત્યારબાદ એન્જીનથી કુવામાં થી પાણી કાઢી પિયત કરતા આવેલા છીએ તેમાં ત્રણ રીંગ બોર બનાવેલા છે જે સિંગલ ફેઝ કનેકશનથી ચાલે છે અને હાલમાં દાવાવાળી જમીન ઉપર પિયત થાય છે. તેમજ દાવાવાળી જમીન ઉપર ચાર મકાન આવેલ છે. અને તેમાં અમારા કુટુંબો સાથે રહીએ છીએ અને તેના લાઈટબીલ ભરીએ છીએ અને સદર મકાન પંચાયતમાં નોધાયેલ છે અને તેનો વેરો પણ ભરીએ છીએ પ્રતિવાદીઓ આ હકીકતથી વાકેફ હોવા છતાં અને કોઈ હકક ,હિત,અધિકાર પહોચતાો ન હોવા છતાં તેઓ અમોને જમીન ખાલી કરવા માટે દબાણ કરી રહેલ છે. આમ સદરહું જમીન માં શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલો હોય અને ખેતી કરતા હોય.જેથી કામ ચલાઉ અરજી મંજુર કરવા અરજ કરેલી છે.

(૮.૨) પ્રતિવાદી તરફે એવી રજુઆત કરેલ છે કે, વાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ન હોવા છતાં હાલનો દાવો કરેલો છે. જેથી મુળ કબજેદાર શ્રી સરકાર હોય દાવો રદ થવા પાત્ર છે .સરકારને પક્ષકાર તરીકે બનાવેલ નથી તેથી પક્ષકારનો બાધ નડે છે તેમજ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે વધુમાં ટાઈટલ કિલયર ના હોય વાદીઓને દાવો કરવાનો હકક અધિકાર નથી. સદર સર્વે નં. ૭૪૦ માં અગાઉ દાવો રે.દિ.મું.નં. ૫/૧૮ થી કરેલ છે. અને તેમાં મનાઈ હુકમ આપેલો હોય એસ્ટોપલના સિધ્ધાંતનો બાધ નડે છે તેમજ ૭૦ વર્ષથી જમીન રેગ્યુલરાઈઝ કરવા જમીન સંપાદન સમક્ષ અરજી કરેલ નથી પરંતું અમારી કબજાની જમીન પડાવી લેવા ખોટી હકીકતો દર્શાવી દાવો કરેલો છે. સદરહું જમીન સરકારશ્રીના ધારાધોરણ મુજબ કબજા હકકની રકમ ભરપાઈ ન કરેલ હોવાના કારણે રેવન્યુ રેકર્ડે અમારું નામ દાખલ થયેલ નથી. વિગેરે હકીકતો તેઓએ ખોટી જણાવેલી છે. તે સંજોગોમાં વાદી પોતાનો કેસ પ્ર થમ દર્શનીય કેસ નથી. તેમજ સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી. જેથી હાલની અરજી ના-મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૯) આમ આ કામે બંને પક્ષે રજુ થયેલ પક્ષ નિવેદનો રજુ થયેલ દસ્તાવેજો તથા રજુઆતો ધ્યાને લેતા વાદીએ જે દાવો કરેલ છે તેમાં મોજે-કણાદર, તા.વિજયનગર, જી.સા.કાં. સીમના સર્વે નં.૬૨૪ પૈકી ૩ જેનો રિસર્વે નં. ૭૪૦ પડેલ છે. જે જમીન નું ક્ષેત્રફળ ૫-૦૭-૮૮ હે.આરે.ચો.મી. વાળી જમીન સને ૧૯૬૧-૬૨ થી સતત અમો વાદીઓના કબજા ભોગવટામાં રહેલ છે તે હકીકત જણાવેલી છે પરંતુ ગામનો નમુનો ૭/૧૨ માં સદરહું જમીનના કબજેદારમાં શ્રી સરકારથી આવેલી છે.તેમજ પુન:વસવાટ તરીકે દર્શાવેલ છે તેમજ વાદીઓને સદરહું જમીન તેમના મર્હુમ દાદાઓને પુન:વસવાટમાં મળેલી છે તે આ તબકકે નિર્ણય કરી શકાય તેમ નથી. તે પુરાવાનો વિષય છે.આમ,બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં નથી. વાદીને નાણામાં

માપી શકાય તેવુ નુકશાન થાય તેવુ નથી. તેમજ વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. તેમજ સગવડતા અગવડતા વાદીની તરફેણમાં નથી.

આમ, રજુ કરેલ સમગ્ર રેકર્ડ ઉપરના પુરાવા, સંજોગો અને હકીકતોને ઘ્યાને લેતાં મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

વાદીની હાલની આંક.૦પ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા.૧૦ મી, માહે જુન, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સહી/એસ.ડી

તા.૧૦-૦૬-૨૦૨૧
મુ.વિજયનગર.

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
સીવીલ જજ, વિજયનગર.
(જજ કોડ નં.જી.જે.૦૧૪૬૧)

//S.C.P.//